અમેરિકાના વર્જિનીયામાં ૪૨-૮૪ કડવા પાટીદાર સમાજનું અધિવેશન યોજાયુ

અમેરિકામા રહેતા ૪૨-૮૪ કડવા પાટીદાર સમાજ નુ વર્જિનીયા ખાતે એક અધિવેશન યોજાયુ હતુ જેમા સમાજ ના વડીલો તથા દાતાઓનુ સન્માન સાથે સમાજ ના તેજસ્વી વિદ્યાર્થીઓનુ પણ સન્માન કરવામા આવ્યુ હતુ. અમેરિકાના વર્જિનીયા માં શનિવાર ના રોજ ૪૨-૮૪ કડવા પાટીદાર સમાજ નુ અધિવેશન યોજાયુ હતુ જેમા અમેરિકામાં વસતા કડવા પાટીદાર ના પરિવારો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા અને અધિવેશન માં ૫૫૦ થી પણ વધારે સભ્યો હાજર રહ્યા હતા જેમા હિંમતનગર, અમદાવાદ, ગાંધીનગર, દહેગામ ખાતે રહેતા કડવા પાટીદાર સમાજ ના ૫૦૦ થી પણ વધારે પરિવારો અમેરિકા માં સેટલ થયા છે તો મા ઉમિયા ની હાજરી મા દીપ પ્રાગટય બાદ કાર્યક્રમ ની શરૂઆત કરવામા આવી હતી જેમા લવારપુર નિવાસી સમાજ ના યુવા પ્રમુખ ધીરજભાઇ કે. પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કર્યુ હતુ તો છ વર્ષ ના સાર્થ પટેલ એ રાષ્ટ્રગીત ગવડાવ્યુ હતુ તો લવારપુર ના દિવ્યેશ પટેલ તથા જાનવી હિતેશ પટેલે પિયાનો ઉપર રાષ્ટ્રગીત વગાડી ઉપસ્થિત સૌ કોઈ ના દિલ જીતી લીધા હતા જયારે મજરા ના યુગ પ્રકાશ પટેલે અમેરિકાનું રાષ્ટ્રગીત પિયાનો ઉપર વગાડયુ હતુ તો હાજીપુર ના ૧૦ વર્ષ ના ત્વદર્થ પટેલે સંસ્કૃત માં વક્તવ્ય આપ્યુ હતુ જયારે સમાજ ના ૬૫ વર્ષ ની ઉપર ના વડીલો દાતાશ્રીઓનુ શાલ ઓઢાડી ને સન્માન કરવામા આવ્યુ હતુ કાર્યક્રમ મા રમત-ગમત , તેજસ્વી વિદ્યાર્થીઓનુ સન્માન તથા અમેરિકા ખાતે પ્રથમ સ્થાયી થયેલ વ્યક્તિઓનુ સન્માન ગરબા સહિત ભોજન નો કાર્યક્રમ યોજાયો હતો અધિવેશન ને સફળ બનાવવા પ્રમુખ ધીરજભાઇ પટેલ તથા અરવિંદભાઇ પટેલ સહિત સમગ્ર ટીમ દ્વારા સુંદર આયોજન કર્યુ હતુ.

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ સહકારી શરાફી મંડળીનો રજતજયંતી મહોત્સવ ઉજવાયો

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ સહકારી શરાફી મંડળી લિ. મોડાસાનો રજત જયંતિ મહોત્સવ ખૂબ રંગે ચંગે ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે મહોત્સવના અધ્યક્ષ શ્રી ઈસ્માઈલભાઈ જી. દાદુ (સીઈબી અને સ્થાપક ચેરમેન), પ્રેરક અને શ્રેયસ માર્ગદર્શક શ્રી પંકજભાઈ બુટાલા (ચેરમેન કટલરી કરિયાણા સહકારી મંડળી) ઉદ્ઘાટક તરીકે ડો. નવીનભાઈ આર શેઠ (કુલપતિશ્રી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી), સ્મરણિકા વિમોચક તરીકે શ્રી યોગેશભાઈ પરીખ (ઉપપ્રમુખ શ્રી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ), તથા તેમના ધર્મપત્ની પ્રેરણાબેન પરીખ, અતિથિ વિશેષ તરીકે શ્રી કનુભાઈ આર પટેલ (પ્રમુખ અરવલ્લી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ), શ્રી નવીનચંદ્ર આર મોદી (પ્રમુખ શ્રી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ), શ્રી પ્રભુદાસ પી પટેલ (અધ્યક્ષ અરવલ્લી જિલ્લા સહકારી સંઘ),શ્રી જીગીશભાઈ મહેતા (પ્રમુખ સાર્વજનિક હોસ્પિટલ), શ્રી દિપકભાઈ આર શાહ (ચેરમેન મોડાસા નાગરિક સહકારી બેંક),શ્રી કિરીટભાઈ કે. શાહ (પ્રમુખ શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન) શ્રી નવીનભાઈ વિ. શાહ વાઈસ ચેરમેન, શ્રી રમણભાઈ પ્રજાપતિ મેનેજિંગ ડિરેક્ટર તેમજ મંડળીના સૌ ડિરેક્ટરશ્રીઓ ની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરી સમારંભને ખુલ્લો મુકવામાં આવ્યો અને સાથે સાથે રજત જયંતિ સોવેનિયરનું વિમોચન કરવામાં આવ્યું. તેમજ ડો. નવીનભાઈ આર શેઠ શિક્ષણવિદ ની પરિચય પુસ્તિકા નું પણ વિમોચન કરવામાં આવ્યું અને તેમનું વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા પણ સન્માન કરવામાં આવ્યું. યોગાનુંયોગ આ પ્રસંગે પધારેલ સ્મરણિકા વિમોચક શ્રી યોગેશભાઈ પરીખ ના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી. અને મોડાસાના વૈષ્ણવ સમાજના પ્રતિનિધિઓ દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવ્યું.

પાલનપુરમાં દિવસભર ટ્રાફિકજામથી વાહન ચાલકો અકળાયા

પાલનપુર શહેરના માલણ દરવાજા વિસ્તારના શરૂ થયેલા નવા રસ્તાના કામના લીધે ડાયવર્ટ થયેલા તમામ વાહનો વહેલી સવારથી જ શહેરના મુખ્ય માર્ગ પર ફંટાયા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુરનો અહેવાલ જણાવે છે કે ,જેના લીધે મોટાભાગના તમામ રસ્તાઓ પર ભયાનક હદે ટ્રાફિક જોવા મળ્યો હતો. સૌથી વધુ કહોડી હાલત એટલા માટે રહી હતી કે પુરક પરીક્ષા હોવાથી મોટાભાગના રસ્તા સ્કૂલને જોડતા હોવાથી પરીક્ષાર્થીઓ હાલાકીમાં મુકાયા હતા. સાંજે ૬ વાગે ઓફિસ છૂટવાના સમયે એરોમાં સર્કલથી રેલ્વે ઓવરબ્રિજ સુધીના ૨ કિમી માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

પાલનપુરના ત્રીજા માળે કઠેડા ઉપર બેઠેલા મિત્રને ભેંટવા જતાં બંને ૪૦ ફૂટ નીચે પટકાયા : એકનું મોત

પાલનપુર હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલા શ્રીજી આર્કેડના ત્રીજા માળે કઠેડા ઉપર બેઠેલા મિત્રને બીજો મિત્ર ભેટવા ગયો હતો.દરમિયાન બંને જણાં ૪૦ ફૂટ નીચે પટકાયા હતા. જેમાં માત્ર ૪ સેકન્ડમાં એક યુવકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ. જ્યારે બીજા મિત્રને ઈજાઓ થતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઇ હતી. પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,મિત્રોની મજાક મસ્તી કયારેક અંતિમ પળ બની જતી હોય છે. કંઈક આજની યુવા પેઢીની આંખ ઉઘાડતી ઘટના પાલનપુરમાં રવિવારે સાંજે બની હતી. આ અંગે પાટણ કલમનાથ ચોકડી યશધામ ફલેટમાં રહેતા અને કટલરીનો વેપાર કરતાં મોહનીકકુમાર રમેશભાઇ ઠક્કરે જણાવ્યું હતુ કે, અમો ચાર મિત્રો રાજસ્થાન ફરવા ગયા હતા. જ્યાંથી રવિવારે સાંજે પાલનપુર આવ્યા હતા.

પોશીનાના ઉજ્જળ ડુંગરોને હરિયાળા બનાવવા ૧૫ હજાર બીજનું વાવેતર

વરસાદના આરંભ સાથે અભિયાન શરુ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૯

ચોમાસાની ધમાકેદાર શરુઆત થઈ ચૂકી છે. સાબરકાંઠામાં મોસમનો સરેરાશ ૩૨ ટકા વરસાદ વરસ્યો છે. ત્યારે જિલ્લાના પોશીના તાલુકાના અંતરીયાળ વિસ્તારોમાં ઉજ્જળ ડુંગરોને હરિયાળા બનાવવાના અભિયાન સાથે ૧૫ હજાર બીજનું વાવેતર કરવાની શરુઆત થઈ છે. અત્યારે સામાન્ય લાગતો આ પ્રયોગ આવનારા દિવસોમાં લીલીછમ હરિયાળીનું ઉત્તમ દ્રષ્ટાંત બની શકે છે.

ચોમાસાની સીઝન દરમ્યાન વન વિભાગ તેમજ સામાજીક સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમો આયોજીત કરાતા હોય છે પરંતુ વૃક્ષારોપણનું ફોટો સેશન થયા પછી મોટાભાગના રોપાનું બાળમરણ થઈ જતું હોય છે જેથી વૃક્ષારોપણના કાર્યક્રમો એક રીતે દેખાડારૂપ બની રહ્યા છે ત્યારે સાબરકાંઠાના અંતરીયાળ ગણાતા પોશીના તાલુકાના લલીતમ સ્મૃતિકુંજ ગૃપ છેલ્લા ઘણા સમયથી વૃક્ષ ઉછેરનું અનોખું અભિયાન ચલાવી રહ્યું છે. વરસાદનો આરંભ થતાં આ ટીમના ૩૨ સભ્યો ડુંગરે ડુંગરે ફરી લુપ્ત થતી વનસ્પતિ તેમજ વૃક્ષોના બીજનું વાવેતર કરતા હોવાથી ઉજ્જળ બનતા જંગલો હવે હરિયાળા બનવા લાગ્યા છે. છેલ્લા ૨ દિવસથી ટીમના માધ્યમથી પોશીનાના મતરવાડા, દેલવાડા ઉપરાંત રાજસ્થાનના સરહદી જંગલોમાં ૧૫ હજાર બીજનું વાવેતર કરવામાં આવ્યું છે. ગૃપના સ્થાપક અને વીરાફળો પ્રાથમિક શાળાના શિક્ષક બીરબલ રાઠોડ વર્ષોથી આ વિસ્તારમાં પ્રકૃતિનું સંવર્ધન કરવાની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે અને લુપ્ત થતા વૃક્ષો, વનસ્પતિઓના બીજ નિશુલ્ક વિતરણ કરવાની સાથે તેમની આખી ટીમ વરસાદ વરસે કે તરત આસપાસના વિસ્તારોમાં નામશેષ થતા વૃક્ષોના બીજનું વાવેતર કરવા માટે પહોંચી જતી હોય છે. ટીમ દ્વારા આ વખતે પોશીના તાલુકાના જંગલ વિસ્તાર ઉપરાંત સરહદી રાજસ્થાનના ઉજ્જડ બનતા જંગલ વિસ્તારને પણ વૃક્ષો અને વનસ્પતિઓથી લીલોછમ કરવાનું અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેમાં ટીમ દ્વારા આખું વર્ષ દરમ્યાન જંગલમાં ભટકીને એકત્ર કરવામાં આવેલા લુપ્ત થતા વનસ્પતિઓ અને વૃક્ષોના બીજ પ્રકૃતિના જતન માટે જંગલ વિસ્તારમાં વાવેતર કરી વૃક્ષ ઉછેરનો સૂપેરે પ્રયાસ કરવામાં આવ્યો છે. લલીતમ સ્મૃતિકુંજ ગૃપ દ્વારા ચોમાસાની સીઝનમાં હાલ ટેટું, ભદ્રાક્ષ, સિંદૂર, રામફળ, સીતાફળ, દેશીબાવળ, અર્જુન, પારસપીપળો, ખાખરો, ટીમરુ, ધવ, બીયો, મરડાફડી, ખીજડો, ખડો, ખેર, આંબલી, અપરાજીતા, બીલી, સરગવો, કાગસીયા અને ગુલમોર સહિતના વૃક્ષો વનસ્પતિઓના બીજ જંગલ વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

બીજ બેંકમાં ૩૦૦ પ્રકારની વનસ્પતિના બીજનો સંગ્રહ

પોશીના તાલુકાના મતરવાડા, દેલવાડા તેમજ સરહદી રાજસ્થાનના જંગલ વિસ્તારમાં લલીતમ સ્મૃતિકુંજ ગૃપ દ્વારા ૧૫ હજાર બીજ વાવી અનોખો રેકોર્ડ કરવામાં આવ્યો છે ત્યારે પોશીના તાલુકાની લલીતમ સ્મૃતિકુંજ બેંકમાં પ્રકૃતિ પ્રેમી યુવાનોની ટીમ દ્વારા વર્ષ દરમ્યાન ૩૦૦ પ્રકારની વનસ્પતિના બીજ સંગ્રહીત કરવામાં આવતાં હોય છે જેમાં વરસાદની સીઝન શરુ થાય એટલે આ બીજ જંગલ વિસ્તારમાં વાવેતર કરવાની સાથે નિશુલ્ક રીતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સુધી વિના મૂલ્ય પહોંચાડવામાં આવતાં હોય છે.

ટીમની યુવા બ્રીગેડ બીજ વાવેતરની મફત સેવા માટે તૈનાત

પોશીના તાલુકાની લલીતમ બીજ બેંક દ્વારા વન સંપદાની સમૃદ્ધિ માટે ચોમાસામાં બીજ વાવેતરનું અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેમાં આ વિસ્તારના ૩૨ યુવાનો હરહંમેશ બીજ એકત્રીકરણ કરવાની સેવા સાથે ચોમાસામાં જંગલોમાં ભટકી ભટકીને બીજ વાવેતર માટે નિશુલ્ક સેવા આપી રહ્યા છે.

કેવા પ્રકારના બીજનું વાવેતર

ટેટુ, ભદ્રાક્ષ, સિંદૂર, કંકુ, રામફળ, સીતાફળ, દેશીબાવળ, અર્જુન, પારસ પીપળો, ગરમાળો, ગુલાબી ગરમાળો, ખાખરો, ટેટારખાખરી, ટીમરુ, ધવડી, ધવ, દેશી બાવળ, મરડાફડી, સીમડો, ખીજડો, રૂખડો, રોહીડો, ખેર, આંબલી, સલાઈ, અપરાજીતા, ગણેશ વેલ, લીંબોડી, બીલી, સરગવો, કાકડ, દેશીખજૂર, અરીઠી, પારીજાત, કાગસીયા, ગુલમહોર.

ભિલોડા અને શામળાજી સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં સાર્વત્રિક મેઘમહેર : નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર દરમિયાન ઠેર ઠેર નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયું વાહન ચાલકો અને રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે.સરેરાશ બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.ક્યાંક ધીમી ધારે તો ક્યાંક મુશળધાર વરસાદ વરસતા ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર વરસાદી પાણી ફરી વળતા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા હતા.ચોમાસાની સિઝન દરમિયાન રાજસ્થાન સહિત ઉપર વાસમાં ભારે વરસાદ વરસતા નદી અને નાળાઓ વહેતા થઈ ગયા છે. હાથમતી નદી અને બુઠેલી નદી બે કાંઠે વહેતી થઈ હતી.એકંદરે વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી હતી.અણીના સમયે મેઘરાજાએ મેઘમહેર કરતા મુરઝાતા ખેતીના વિવિધ પાકોને જીવતદાન મળ્યું છે.ખેડૂતોએ હાલના તબબકે હાશકારો અનુભવ્યો છે. ભિલોડાના મેઈન બજાર વિસ્તારમાં આવેલ ખાડીયા ચોક,ગણપતી મંદિર પાસે વરસાદી પાણી ભરાતા વેપારીઓ સહિત ભાવિક ભક્તો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ભિલોડાના આનંદનગર, ત્રિભોવનનગર, ગોવિંદનગર વિસ્તાર, સહકારી જીન વિસ્તારમાં વરસાદી પાણી ભરાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.શામળાજી પાસે આવેલ વેણપુર,રંગપુર,કુંડોલ, કારછા,જાબચિતરીયા,મોટા કંથારીયા,લુસડીયા સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. શામળાજીમાં નેશનલ હાઈ - વે નંબર ૨૮ પર વરસાદી પાણી ભરાતા ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો.વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

ભિલોડા અને શામળાજી વચ્ચે રૂદરેશ્વર મહાદેવ મંદિર પાસે વરસાદી પાણી ફરી વળતા વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ દરમિયાન વીજ પુરવઠો ખોરવાતા અબાલ,વૃધ્ધ સહિત પ્રજાજનો ત્રાહિમામ છે. ભિલોડાના ધનસોર ગામના તળાવની દિવાલમાં તિરાડ પડતા નિચાણવાળા વિસ્તારમાં એલર્ટ અપાયું હતું.ટોરડા ગામમાં બસ સ્ટેન્ડ પાસે દુકાનોમાં વરસાદી પાણી ભરાઈ ગયું હતું.સુનસરનો ધોધ જીવંત થયો હોય સહેલાણીઓ માટે આકર્ષક કેન્દ્ર બન્યો છે.

"વાહ મોદીજી.... તમે તો લોકોની લઘુતાગ્રંથિ પણ તોડી અને ગુરુતાગ્રંથી પણ તોડી...!!

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૧૯

મને મોદીજીના રાજમાં એક વાતનો ખૂબ સંતોષ છે કે અહીંયા નાનામાં નાના માણસને તેની યોગ્યતા આધારિત સન્નમાન મળે છે... આઝાદી પછી ભારતીય લોકતંત્ર પહેલીવાર એવા યુગમાંથી પસાર થઈ રહ્યું છે કે પૈસા, વગ, પાવર, પ્રતિષ્ઠા, ખાનદાન, જાતિ,સમાજ, ઊંચ-નીચ એવી તમામ વિશેષતાઓને ગૌણ રાખીને વ્યક્તિની વિશેષતા આધારિત સત્તામાં સહભાગીદાર કરવામાં આવી રહ્યા છે!! તાલુકા-જિલ્લા પંચાયત, શહેરના કોર્પોરેટર હોય કે પછી ધારાસભ્ય- સંસદસભ્ય હોય કે પછી દેશના ઉપરાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપતિ એવા ઉમેદવારને ભાજપ પસંદ કરી રહ્યો છે કે તેમાં ખાસ વિશેષતા દેખાતી હોય અને તે રાષ્ટ્ર માટે ઉપયોગી હોય!! આ આજનું નવું ભારત છે જેમાં રાજનીતિમાં પણ ખૂબ મોટો બદલાવ આવ્યો છે તે વાત નકારી શકાય નહીં...

એક ચાયવાળો દેશનો પ્રધાનમંત્રી બની જાય છે તો એક સાવ સામાન્ય એવા આદિવાસી પરિવારમાંથી આવનાર સ્ત્રી રાષ્ટ્રપતિ પણ બની શકે છે... અહીંયા એક ભગવાધારી મઠનો સાધુ પણ રાજ્યનો મુખ્યમંત્રી બને છે તો ઓટો રીક્ષા ચાલક પણ રાજ્યનો ચાલક બની જાય છે.... કોઈએ વિચાર્યું ના હોય તેવા સામાન્ય લાગતા પણ અસામાન્ય વ્યક્તિત્વવાળા લોકોને મોદીજી વીણી વીણીને બહાર લાવે છે!! આઝાદી પછી પહેલીવાર એવું જોવા મળી રહ્યું છે કે રાજઘરાના પરિવાર, સંપન્ન પરિવાર, ધનાઢ્ય પરિવાર, પ્રતિષ્ઠિત પરિવાર સિવાય સામાન્ય પરિવારમાં પણ હીરા-ડાયમંડની ખાણ છુપાયેલી છે!! મોદીજીએ આવા છુપા હીરા શોધવાનું ચાલુ કર્યું છે... આજથી દસ વર્ષ પહેલાં આપણા વિસ્તારના ધારાસભ્ય- સંસદસભ્ય કોણ બનશે તે નક્કી જ હોય!! વિસ્તારના ચાર-પાંચ સુખી-સંપન્ન અને મોટા ઘરના રાજવી પરિવારમાંથી દેશનું રાજકારણ બહાર નીકળતું જ નહોતું....

આજે ઉડીને આંખે વળગે તેવું રાજનીતિમાં પરિવર્તન આવ્યું છે... આજે જ્ઞાન, કર્મ, નિષ્ઠા, દેશદાઝ વાળા છેક છેવાડાના ગામના વ્યક્તિની લાયકાત હોય તો તેને પણ મોટા રાજકીય પદનું આસન અપાઈ રહ્યું છે!! દેશમાંથી ઊંચ-નીચ કે અમીર-ગરીબીની માનસિકતાનો ભેદ તોડવામાં મોદીજીનું આ મોટું યોગદાન હશે... આજે ગરીબ પરિવારની, સામાન્ય પરિવારની વ્યક્તિને દેશના રાજકારણમાં મહત્વનું પદ મળતું જોઈ મનોમન લાખો ગરીબ પરિવારો જરૂર હરખાતા હશે!! ગરીબ-સામાન્ય પરિવારોની લઘુતાગ્રંથિની માનસિકતા મોદીજીએ તોડી નાખી અને પોતેજ દેશનું સર્વસ્વ સમજતા કેટલાક અમીર સંપન્ન પરિવારની ગુરુતાગ્રંથી પણ મોદીજીએ જ તોડી છે.... અમુક મોટા પરિવાર પોતે જ દેશનો વહીવટ કરી શકે તેવું માનતા જ્યારે આર્થિક નબળા લાખો પરિવાર ખુદ પણ રાજકારણનું યોગદાન આપવા સમર્થ છે તે સપનામાં પણ નહોતા વિચારી શકતા....

આજથી ૮ વર્ષ પહેલાં ચુનાવ પ્રચારમાં "ગરીબ" શબ્દનો વારંવાર ઉપયોગ કરવામાં આવતો અને એટલે આર્થિક રીતે નબળા લોકો ગરીબવાળી માનસિકતામાંથી બહાર કદમ માંડી નહોતા શકતા... આજે આ માનસિકતા તૂટતી જાય છે!! ગરીબ કદાચ ધનથી હતા પણ મન અને નિષ્ઠાથી ભારતના લાખો સામાન્ય પરિવાર ખૂબ અમીર હતા તે તેમની ચોથી પેઢી આજે એહસાસ કરી રહી છે.... દુનિયાના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં આ બદલાવ ખૂબ જરૂરી હતો પણ અંગત ગોદડી સિવતા અને પોતાનો મનસૂબો પાર પાડવા ખાતર ભૂતકાળમાં રાજકીય આગેવાનો ગરીબીનું નામ જરૂર લેતા, ટુકડો રોટલો પણ ફેંકતા પરંતુ માનસિક રીતે મજબૂત કરવાનું કોઈનું મન નહોતું... પરંતુ મોદીજી ગરીબ સામાન્ય પરિવારોને અહેસાસ કરવી રહ્યા છે કે તમે પણ બીજી ઘણી બાબતોમાં ખૂબ અમીર છો અને એ અમીરીની ભારતને મોટી આવશયકતા છે....

બાયડ જી.ઈ.બી. કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૯

બાયડના વાત્રક રોડ ઉપર આવેલા ઉત્તર ગુજરાત વિજ કંપનીના કેમ્પસમાં આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ૭૫ વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું. બાયડ જી.ઈ.બી.ના નાયબ ઈજનેર પી.એમ.તબિયાડના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓએ વૃક્ષારોપણ કરી વૃક્ષ ઉછેરના સંકલ્પ લીધા હતા.

ચિલોડાથી હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર ઠેર-ઠેર મોટામસ ખાડાં

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ ચિલોડા થી હિંમતનગર રોડ ઉપર મોટામસ ખાડા પડી જતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ પડે છે તો ખાડાઓ મા વરસાદી પાણી ભરાયેલ હોવાથી ખબર ના પડતા વાહન ચાલકો ખાડાઓ પટકાય છે.

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર છાલા , મજરા , તાજપુર , કમાલપુર , પ્રાંતિજ , સલાલ સહિત અનેક જગ્યાએ રોડ ઉપર ખોટા મસ ખાડા પડયાછે તો બીજી બાજુ ચોમાસાની સિઝન હોવાથી ખાડામાં પાણી ભરતાં આવતાં જતાં રોજિંદી અવર જવર સહિત ના વાહન ચાલકો ખાડામાં પડે છે ત્યારે વાહન ચાલકો ને કે તેમણાં વાહનોને કે તેમણે નાનીમોટી ઈજાઓ પોહચેછે ત્યારે અનેક વાર હાઈવે ઓથોરિટી માં વાહન ચાલકો દ્વારા રજુઆતો કરવા છતા તથા તગડો ટોલટેકસ લેતા હોવા છતાં આંખઆડે કાન કરવામાં આવે છે ત્યારે હાલતો વાહન ચાલકો ને પોતાના વાહનો પાછળ ખર્ચ કરવાનો કે પોતે વાહન સાથે પટકાતાં તેવો ને પણ ડાકટરી સારવાર લેવાનો વારો આવ્યો છે તો બીજીતરફ સીક્સ લાઈન ના કામને લઈ ને ઓવરબ્રીજ બન્યા છે અને ઓવરબ્રીજ નીચે પાણી જવાનો કોઈ નિકાલ ના હોય સર્વિસ રોડ ઉપર પાણી ભરાઈ રહેતા અનેક વાહન ચાલકો પાણીમા થઈ ને પ્રસાર થતા ખાડાઓ મા ધડાકાભેર પટકાય છે જયારે પાણી ભરાઈ રહેતા અનેક નાના વાહનો પાણીમા બંધ થઈ જાય છે ત્યારે હાલતો જેની જવાબદારી છે તે હાઈવે ઓથોરીટી હાલતો કુંભકર્ણ નિદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

જન્મદિને વધામણી

શ્લોક રાજેશભાઈ પ્રજાપતિ

ક્રિષ અમરીશભાઈ પટેલ